# પૂજ્યશ્રી સોમચંદબાપાકૃત

# કાવ્યામૃત

સંકલનકર્તા: પુનિતા દવે



પ્રકાશક: narayanleela.org

**દિવ્ય પ્રેરણા**

સદ્દગુરુવર્ય અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કર

**પ્રકાશન તારીખ**

તા. ૨૩ જુન, ૨૦૨૩, શુક્રવાર

**પ્રકાશક**

© narayanleela.org

(રજી. નંબર ૮૦૩૬૭૧૯૭૪, Registered in State of Texas)

Contact: info@narayanleela.org

**મુદ્રક**

અ.મુ. શ્રી પુનિતાબેન દવે

**સૌજન્ય**

અ.મુ. શ્રી રેખાબેન દવે તથા પુનિતાબેન દવે

# પૂજ્યશ્રી સોમચંદબાપાકૃત

# કાવ્યામૃત

**સંકલનકર્તા: પુનિતા દવે**

**પ્રકાશક: narayanleela.org**

સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનરૂપ
વિશિષ્ટાદ્વૈત મતને શ્રીમુખવાણી
વચનામૃત દ્વારા વિશિષ્ટરૂપે સરળ
ભાષામાં સચોટ રીતે પ્રતિપાદિત
કરનાર, શિક્ષાપત્રી રચી
સર્વજીવહિતાવહ આદર્શો આપી
ધર્મશુદ્ધિ, ચારિત્રશુદ્ધિ તથા
વ્યવહારશુદ્ધિ દ્વારા જીવોને સર્વોત્કૃષ્ટ
આત્યંતિક કલ્યાણરૂપ અભ્યુદય
સાધનાર પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી
સ્વામિનારાયણ ભગવાનના
શ્રીચરણોમાં શતકોટિ પ્રણિપાત!


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.



પરમ ધ્યેયસ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન તેમજ
શ્રીહરિની સર્વોપરી ઉપાસનાના અદ્વિતીય
- અજોડ પ્રણેતા, શ્રીમુખવાણી
વચનામૃતના રહસ્યજ્ઞાન પ્રદાતા એવા
શ્રીજી સંકલ્પસ્વરૂપ પરમ કૃપાળુ અનાદિ
મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના
શ્રીચરણોમાં કોટી કોટી વંદન સહ
શ્રદ્ધાસુમન સમર્પિત!


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.



કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય સર્વોપરી

તત્ત્વજ્ઞાનના અમૃતસ્રોતને શ્રીજીસંકલ્પ

અનાદિ મહામુક્તરાજ શ્રી

અબજીબાપાશ્રીએ કરુણા કરી માનવકુળ

ઉપર વહેવડાવ્યો તેને સ્વાતિબિંદુને

ઝીલનાર છીપની જેમ અધ્ધરથી ઝીલી

લઇ વચનામૃત રહસ્યાર્થ તેમજ વાતોરૂપ

વચનમૌક્તિકો પ્રગટ કરી મુમુક્ષુઓને

આંતરિક રીતે સમૃદ્ધ બનાવનાર, દાસત્વ

અંગના પ્રતીક અ. મુ. સ. ગુ. શ્રી

ઇશ્વરચરણદાસજી સ્વામીને સ્નેહસભર

વંદન!


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.




**અ. મુ. સ. ગુ. શ્રી ઇશ્વરચરણદાસજી સ્વામી**

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

અનાદિ મહામુક્તરાજ શ્રી
અબજીબાપાશ્રીનો કૃપાપ્રસાદ પામી
સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના
વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો પોતાના આત્માને
વિષે સાક્ષાત્કાર કરી અનાદિ મુક્તની
સર્વોચ્ચ સ્થિતિએ આરૂઢ થઇ અન્ય પાત્ર
મુમુક્ષુ આત્માઓને એવી દિવ્ય સ્થિતિનો
અનુભવ કરાવનાર મૂર્તિમાન જ્ઞાનસ્વરૂપ
એવા અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી
સ્વામીને હૃદયની ભાવોર્મિ સહ વંદન!


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ નામના ઉત્કૃષ્ટ ગ્રંથ
દ્વારા શ્રીહરિ રચિત શિક્ષાપત્રીના પરોક્ષાર્થ
તેમજ પ્રત્યક્ષાર્થને સુસ્પષ્ટ રીતે પ્રગટ
કરી સત્સંગસમાજ તેમજ સમગ્ર
માનવકુળને ઉપકૃત કરનાર અને અનાદિ
મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી થકી
અનાદિ મુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત
કરનાર, અખંડ શ્રીહરિની મૂર્તિનું જ મનન
કરનાર એવા અ. મુ. સ. ગુ. મુનિસ્વામી
શ્રી કેશવપ્રિયદાસજી સ્વામીના
પદારવિન્દમાં પુનઃ પુનઃ વંદન!


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા
કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા,
શ્રીજીસંકલ્પ સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રીનું વિધાન “આ અમારા
ઠાવકા પંડયા છે. આ પંડયાને અમે
પ્રમાણ કર્યા છે.” તથા જેમને ‘હરતો-ફરતો
બ્રહ્મયજ્ઞ’ તરીકે સંબોધવામાં આવતા
એવા કારણ સત્સંગના સમર્થ સૂત્રધાર અ.
મુ. પ. પૂ. શ્રી સોમચંદબાપાના ચરણોમાં
ભક્તિભાવ સહ વંદન!



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ મહેતા

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

# અર્પણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન
તથા કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા
શ્રીજી સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રીએ પ્રબોધેલા
રહસ્યજ્ઞાનને જેમણે સ્વાનુભવમાં
આત્મસાત્ કરીને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં
પ્રગટાવી અનેકને આધ્યાત્મિક પથદર્શન
કરાવ્યું છે એવા કરુણામૂર્તિ, પરમ
વાત્સલ્યસ્વરૂપ સદ્દગુરુવર્ય અનાદિ મુક્ત
પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કરના
અજ્ઞાનવિદારક શ્રીચરણોમાં સાદર
સમર્પિત!


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કર

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## નિવેદન

પરાત્પર ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરી અધ્યાત્મ જ્ઞાનના અગાધ રહસ્યો ખોલનાર શ્રી અબજી બાપાશ્રીનો જેમણે ખૂબ નિકટથી સમાગમ કરેલો તેવા અમુપપૂ શ્રી સોમચંદબાપાએ કારણ સત્સંગના વૃક્ષને ફૂલ્યુ-ફાલ્યુ રાખવા અગાધ પરિશ્રમ કર્યો છે તે વાત સર્વસંમત છે. ઘરે-ઘરે જઈ સત્સંગ કરાવવાની તેમની અનોખી શૈલી હતી. તે ઉપરાંત તેઓ સદ્દગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીની જેમ પ્રભુ-મહિમા કાવ્યમાં સરસ રીતે વણી લેતા. તે રચનાઓમાં તેઓ શ્રી અબજી બાપાશ્રીના મહિમાનું વર્ણન કરવાનું પણ ચૂકતા નહિ.

આજે તેમના પ્રાગટ્ય દિને તેમની કાવ્ય રચનાઓ લઘુ પુસ્તિકારૂપે રજુ કરીએ છીએ. તેમની સૌથી પ્રચલિત રચના તો શ્રી અબજી બાપાશ્રીની આરતી તેમજ અદ્ભૂત, અલૌકિક શ્રી અબજી બાપાશ્રીનું જીવન ચરિત્ર છે. તે જીવન ચરિત્ર એટલું ચમત્કારિક છે કે તેના વાંચનથી શ્રી અબજી બાપાશ્રીનું સમગ્ર જીવન સ્પષ્ટપણે વાચકના માનસપટલ પર ખડું થઈ જાય છે.

તે સિવાય પૂજ્ય શ્રી સોમચંદબાપા સત્સંગીઓને પ્રસંગોચિત પત્રોપદેશ પણ કરતા. તે પત્રોને અનેક સત્સંગીઓ પાસેથી એકત્ર કરી, અમુપપૂ શ્રી નારાયણમામાએ “અનાદિ મુક્ત પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા જીવન દર્શન અને પત્રો દ્વારા ઉપદેશ” સત્સંગના સમાસને અર્થે રજુ કર્યાં છે.

ઉપરોક્ત આરતી અને બંને પુસ્તકો તેમજ અમુપપૂ સોમચંદબાપાને અતિ પ્રિય તેવી ધ્યાનમાળા (જેની ઓડિયો narayanleela.org દ્વારા ૨૩ જૂન ૨૦૨૨ના પ્રકાશિત કરેલ છે) અને પૂજ્ય શ્રી સોમચંદબાપાનું થોડું ઓછું પ્રચલિત તેવું પુસ્તક “કહો બાપાશ્રી કોણ છે?” તે સર્વે આ પુસ્તિકાના મુખ્ય સ્રોત છે.

આ પુસ્તિકા અમુપપૂ શ્રી સોમચંદબાપાના રચેલાં અથવા તેમને ગમતા કીર્તનો, દોહા, કાવ્ય, છંદનો સંગ્રહ છે. જો વાચકવર્ગ પાસે અમુપપૂ શ્રી સોમચંદબાપા લિખિત આવું કોઈ અન્ય સંકલન હોય તો તે પણ આ પુસ્તિકાની ભવિષ્યની આવૃત્તિમાં આવરી લેવા અમે ઉત્સુક છીએ. તેમજ આ પુસ્તિકાને ભવિષ્યમાં સંગીતમય રૂપ આપવાની પણ અમારી અંતરની અભિલાષા છે.

આ સંકલનને સત્સંગ સમક્ષ રજુ કરવાનો narayanleela.orgને શુભ અવસર પ્રાપ્ત થયો છે. આ પુસ્તકના પ્રકાશનમાં ફાળો આપનાર દરેક સેવાર્થી પર શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી, અમુપપૂ સોમચંદબાપા, અમુપપૂ નારાયણમામા, અમુપપૂ લીલામાસી તથા અનંત અનાદિ મુક્તોનો ખૂબ રાજીપો તથા કૃપા ઉતરે તે જ પ્રાર્થના અને અભ્યર્થના!

તા. ૨૩ જૂન, ૨૦૨૩, શુક્રવાર narayanleela.org પ્રકાશન સમિતિના

જય શ્રી સ્વામિનારાયણ!

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## અનુક્રમાણિકા


| | |
|---|---|
| મંગળાચરણ | ૨૨ |
| પ્રાર્થના, સ્તુતિ, છંદ, દોહા, આરતી | ૨૪ |
| ધ્યાનમાળા (રસિકદાસકૃત) | ૨૮ |
| નૂતન વર્ષ | ૩૬ |
| કીર્તનો | ૪૪ |

# મંગળાચરણ

**મંગળા ચરણમાં** આ પ્રાર્થના જરૂર બોલવી જેનો રાગ (હરી ગીત) “હે પૂર્ણપુરુષોતમ પ્રભુ” એ પ્રમાણે છે.

હે અબજીબાપા અમને રાખો, મૂરતિમાં કરૂણા કરી એ દિવ્ય સુખમાં ભેળા રાખો, દયાળુ દયા કરી – હેઅબજીબાપા

પ્રથમ તમે ઓળખાયા, સહેજે સમાધિ કરી (૨) સૌ જનને સમજાવવા તમે, રહ્યા મૂર્તિને ધરી — હે અબજીબાપા. ૧

નંદ સંતો મળવા આવે, હેત હૈયા માં ધરી (૨) તમે દિવ્ય વાતો તેને કહેતા, દિવ્ય સુખની રસ ભરી — હે અબજીબાપા. ૨

અમ અરથે અક્ષરધામેથી, આવીયા નરતનુધરી (૨) સર્વે પરી ની સમજણ દ્રઢ કરાવી ખરી — હે અબજીબાપા. ૩

વચનામૃતના ગૃઢ પ્રશ્નો સમજાવ્યા રહસ્યાર્થ કરી (૨) આજ્ઞા ઉપસનાની વાતો, લખાવી બે ભાગે ખરી — હે અબજીબાપા. ૪

મોટા મોટા યજ્ઞો કરી, ખેડ તમે બહુ કરી (૨) મૂર્તિ રૂપી મોલ પકાવ્યો, કૃષિ કારનો વેષ ધરી — હે અબજીબાપા. ૫

ઘણા ખેતર ખેડીયા ને, ઘણા ખેતર વાવીયા (૨) ઘણો મોલ ઘેર પહોંચાડયો, તમે જીવને શિવ કરી — હે અબજીબાપા. ૬

નાના ખેડૂનો ભાગ રાખ્યો, તે પર કરૂણા કરી (૨) તમ જેટલો જ ભાગ આપ્યો, તેને પણ ગાડું ભરી — હે અબજીબાપા. ૭

દાસ સોમચંદ વિનવે, તવ ચરણોમાં ચિત્ત ધરી (૨) સદાય અમને ભેળા રાખો, અનાદિમુકત કરી — હે અબજીબાપા. ૮

સંદર્ભ : કહો બાપાશ્રી કોણ છે?

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

# પ્રાર્થના, સ્તુતિ,

# છંદ, દોહા, આરતી


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## પ્રાર્થના (જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, એ ઢાળ)

ભકિત ધર્મ તનુજ હે હરિ તમે મુકત રૂપે થયા
આપ્યા આપે અમાપ સુખ અમને, દિલે ધરીને દયા (૧)
સૌના માત તાત પ્રભુ તમે જ છો આદિ અજન્મા તમે
લીલા ગાન સદા મુખે ઊચરીએ સર્વેશ જાણીને અમે (૨)
પ્રગટયા સુખના ધામ ઘનશ્યામ પોતે આનંદ ઊલટાવિયો
ભૂદર ભીને વાન જોઇ મારો, ફેરો સુફળ ફાવિયો (૩)
જગના જીવ કંગાલ ન્યાલ બન્યા, નિરભે થયા આ સમે
સૌજન ન્યાલ કરણ બાપો બોલે, એ મુજને બહુ ગમે (૪)

## સ્તુતિ

જે હરિ અક્ષરધામમાંહી રાજે, સર્વોપરી છે સદા;
તે નર વિગ્રહધારી નાથ થઈને, સુખિયા કરે સર્વદા. (૧)
એવી સુખમય મૂર્તિમાં જ રહે છે, મુકતો અનાદિ ઘણા;
પય મિસરીવત પ્રેમપૂર્ણ રાચે, એ સુખ મહીં ના મણા. (૨)
એવા મુક્ત સદાય નાથ સંગે, એ નાથ સાથે મળ્યા;
તેણે રૂપ અનુપ આજ ધરિયું, સહેજે ના જાયે કળ્યા. (૩)
એવા સિદ્ધ સ્વતંત્ર મુક્ત કહીએ, સંકલ્પ સુખકંદના;
જેને જીવ અનેક આજ તાર્યા, તેને કરું વંદના (૪)

## છંદ

હે બાપા, તમ કારણ વૃષપુરે આવ્યા હરિજન ઘણા,
અંતરમાં ઊભરાય હેત અતિશે જેમાં દીસે ના મણા; (૧)
મૂર્તિમાં રસબસ રહી માવને જુએ સૌ ઘડી ઘડી,
ભેટે ભૂધરરાય ભાવ ધરીને નીરખી ઠરે છાતડી; (૨)
પ્રેમાશ્રુ વરસે અતિ નયનમાં દેખી દયા બાપની,
નિર્ભે નોબત ગડગડી સહુ કહે જોઈને સ્થિતિ આપની; (૩)

## દોહા

‘અ’ક્ષરકોટિ પર પુરુષોત્તમની મૂર્તિમાં રહે જોડાઈ,
‘બ’હુ જીવને કરવા હરિ સન્મુખ એ જેની છે વડી વડાઈ;
‘જી’વનદાતા સત્સંગીના, જેની કીર્તિ અતિ ગવાઈ,
‘ભ્રાતા’વત્ હિતચિંતક જનના, નામ રૂડું શ્રી અબજીભાઈ.

સંદર્ભ :

**પ્રાર્થના**–કહો બાપાશ્રી કોણ છે? વિશ્રામ ૧

**સ્તુતિ**–શ્રી અબજી બાપાશ્રીનું જીવન ચરિત્ર ભાગ ૧ - પહેલું પાનું

**છંદ**–શ્રી અબજી બાપાશ્રીનું જીવન ચરિત્ર ભાગ ૨;પાન ૮૫૮ પ્રકરણ - દિવ્ય ગુણોનું પ્રાર્થનારૂપે વર્ણન

**દોહા**–શ્રી અબજી બાપાશ્રીનું જીવન ચરિત્ર ભાગ ૧ - પાનું ૬

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

“તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી;
ઈનકે આગે ક્યા છૂપાયે, જીનકે હાથમેં દોરી.”

“રામ ઝરૂખે બૈઠકે સબકા મુજરા લેત,
જૈસી જીસકી ચાકરી ઐસા ઉસકો દેત.”

“કબીરા ખડા બજારમેં, સબકી ચાહત ખૈર;
નહિ કિસીસે દોસ્તી, નહિ કિસીસે વૈર.”

શ્રીપુરનો સંઘ આવીયો રે,
ઝાલાવાડી પણ સાથે રે, વાલમજી વહેલા વહેલા પધારજો !

<u>સંદર્ભ:</u> અનાદિ મુક્ત પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા જીવન દર્શન અને પત્રો દ્વારા ઉપદેશ

## <u>શ્રી અબજી બાપાશ્રીની આરતી</u>

જય અબજી બાપા, જય અબજી બાપા; ઘરે અમારે આવ્યા, ઘરે
અમારે આવ્યા, અમને સુખ આપવા
મોટી બાંધી પાઘ ખુરશી પર બેઠા, બાપા ખુરશી પર બેઠા;
હરિજનો ને સંતો, હરિજનો ને સંતો, સૌ બેઠા હેઠા **(૧)**
હૈડે પહેર્યાં હાર ગજરા બેઉ હાથે, બાપા ગજરા બેઉ હાથે; અમને
આપી પ્રસાદી, અમને આપી પ્રસાદી, હાથ મુક્યા માથે **(૨)**
હરિજન જોડી હાથ ઉભા સૌ આગે, બાપા ઉભા સૌ આગે; સદાય
રાખજો ભેળા, સદાય રાખજો ભેળા, એમ સહુ માગે **(૩)**
કૃપા કરીને બાપા બોલ્યા બહુ પ્રીતે, બાપા બોલ્યા બહુ પ્રીતે;
સદાય રાખશું ભેળા, સદાય રાખશું ભેળા, ધરજો દ્રઢ ચિત્તે **(૪)**
આત્યંતિક કલ્યાણ કરવા અવની ઉપર આવ્યા, બાપા અવની
ઉપર આવ્યા; અગણિત મુકતો ને સંતો, અગણિત મુકતો ને સંતો,
ધામ થાકી લાવ્યા **(૫)**
પ્રૌઢ પ્રતાપ જણાવ્યો પ્રગટ્યા સુખકારી, બાપા પ્રગટ્યા સુખકારી;
હૃષ્ટ-પુષ્ટ મૂર્તિ પર,  હૃષ્ટ-પુષ્ટ મૂર્તિ પર, સેવક બલિહારી **(૬)**


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

# ધ્યાનમાળા


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

**કવિ રસિકદાસકૃત ધ્યાનમાળા જે અમુપપૂ સોમચંદબાપાએ કંઠસ્થ કરી હતી. અમુપપૂ નારાયણમામાએ પણ આ માલા છપાવી હતી.**

દોહરો :

રહો સદા મમ ઉરમહીં, સહજાનંદ મહારાજ;
સકળ સુખનિધિ મહાપ્રભુ, સર્વ સુધારણ કાજ.
સદા તમારી સ્મૃતિ રહે, અખંડ ઉર એકતાર;
માગું એ વર શ્રીહરિ, દીજે ધર્મકુમાર.

પૂર્વછાયો :

મૂર્તિ મનોહર સ્વભાવ સુંદર, પ્રાણ સ્નેહી પ્રીતશું;
ધારી મનમાં મહાપ્રભુજી, વર્ણવું રસ રીત શું. ૧
પદપંકજ શુભ બેઉની છે, વાલપ સુંદરતા અતિ;
કાંતિ કમળ અરુણ જેવી, નિત નવી મન લોભતી. ૨
રસિક રેણુ સમાન સુંદર, રેખા ચિહ્ન ચરણકમળમેં;
તેમાં ભક્ત મન મધુકર, ભાવે શું નિશદિન ભમે. ૩
પાનીની બે કોરે થઈને, અંગુઠા પાસ જે આંગળી;
ઊર્ધ્વ રેખા અતિ સુંદર, તેની બેઉ કોરે નીકળી. ૪
જવ વજ્રને કમળ કેતુ, અંકુશ જંબુ અનુપ છે;
સ્વસ્તિ અષ્ટકોણ ચરણ જમણે, ચિહ્ન મહાસુખરૂપ છે. ૫
કળશ શશીને વ્યોમ ધનુષ્ય, ગોપદ ત્રિકોણ મીન એ;
પરમ સુખદાઈ ચરણ ડાબે, સાત છે શુભ ચિહ્ન એ. ૬
અંગુઠા આંગળી કમળ કળી, નખ મનોહર લાલ મણી;
અનુપ કાન્તિ કરણ શાન્તિ, શોભા અપાર છે તેહ તણી. ૭
જમણા પગના અંગુઠાના, નખમાં કારણ સુખનું;
ચિહ્ન અનંત નિધિનું સ્થાનક, હરણ ભવ ભય દુઃખનું. ૮
ઘૂંટી અનુપમ પિંડી પાતળી, નમણી નાજુક બેઉ નળી;
તે પર મોટાં બિંદુ જેવાં, ચિહ્ન મનોહર છે વળી. ૯
જાનુ રૂપાળા જોયા જેવા, શોભા તે નવ જાય કહી;
વાલપ સુંદરતા અલૌકિક, સાથળમાં વળી છાંઇ રહી. ૧૦
જમણા સાથળ બા'ર રૂપાળું, ચિહ્ન એક છે સોહામણું;
ડાબા સાથળ બા'ર બે ચિહ્ન, રૂપ અનુપમ તેહ તણું. ૧૧
કટિ કામની વધુ વિલાસી, છબી અનંત સુખ રસ ભરી;
શ્વેત ખેસ પહેર્યો સુંદર, ચતુરાઈએ શું શ્રીહરિ. ૧૨
ખેસ ઘસારાનાં કેડે રૂડાં, બે કોરે ચિહ્ન શ્યામ છે;
ઊંડી નાભિ ગોળ સર્વે, સુંદરતાનું ધામ છે. ૧૩
મનોહર ત્રણ વળ પેટે, અનુપ કોમળતા અતિ;
વર્ણવતા શેષ શારદ હારે, પોં'ચે નહિ કોઈની મતિ. ૧૪
હૃદય કમળ શુભ લંક રૂપાળો, તેમાં ચિહ્ન શ્રીવત્સનું;

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

લલિત નવીન શોભે જાણિયે, રૂડું એનું રૂપ રસનું. ૧૫
ઉર વિશાળ છે છાતી ઉપડતી, અર્ધચંદ્ર જેવું એહમાં;
અતિ મનોહર ચિહ્ન છે એક, તિલ શોભાનિધિ તેહમાં. ૧૬
રૂપરાશિ શુભ સ્તનમહીં, થોડાંક ઊંચાં તેહથી;
છાતિમાં છાપનાં ચિહ્ન સુંદર, તાણે તે ચિત્ત સ્નેહથી. ૧૭
હસ્તકમળ બે હરિવરના, વાંચ્છિત સુખદાઈ જનને;
અરૂણતા શુભ વાલપ એની, મોહ પમાડે મનને. ૧૮
તેમાં અનુપમ ગૂઢ રેખું, ઊંચી અંગૂઠા આંગળી;
રાતા નખ છે મણિ જેવા, જોતાં જાય ચિતડું ચળી. ૧૯
કળાઈ બે ને બે બાજુ પર, ચિહ્ન મનોહર છાપનાં;
બિંદુ સમ ચિહ્ન શોભે કરપર, હરણ સર્વ સંતાપના. ૨૦
ડાબા ખંભાની પાસ વાંસે, રોમે સહિત એક તિલ છે;
અનંત સુખ રહે છે એ ભેળાં, એવાં એનાં શીલ છે. ૨૧
કંઠ છે કંબુ સમાન સુંદર, છબી મનોહર તેહની;
વદન કમળ દેખતાં જન, દશા ભૂલે દેહની. ૨૨
રૂપાળી અતિ ચિબૂક છબી, કોમળતા કપોળની;
ભાળી મહાસુખ ઊપજે, હરે પીડા ભવ દુઃખની. ૨૩
અધર રાતા રૂડા રસીલા, શોભિત ભીના સુધા રસે;
જોતાં જનમન તૃપ્ત થઈને, ત્યાંથી પાછું નવ ખસે. ૨૪
દાડમ ને ડોલરની કળીઓ, એવી છે દંત પંગતી;
ઝાંખી કરે શશી જ્યોતને, તે તેજની કાંતિ અતિ. ૨૫
જમણી કોરે હેઠલી દાઢ, પ્રથમમાં શ્યામ ચિહ્ન છે;
શ્યામ ચિહ્ન એક જીભ અગ્રે, તે ચિત્ત ચોર પ્રવીણ છે. ૨૬
સુંદરતા સર્વ રૂપ રાશિ, નવરંગ છબી નાકની;
અધર ઉપર ઝૂકતી જેમ, બિંબ ફળ શુક તાકની. ૨૭
નાક નજીક છે કપોળ જમણે, શ્યામ ચિહ્ન શોભાનિધિ;
મુખ પર ઝીણાં ચિહ્ન બિંદુ, શોભે છે તે અનંત વિધિ. ૨૮
ચપળતા મીન મદ ગંજન, નૌતમ કમળ નેણની;
પાંપણ પતાકા પરમ હેતુ, શોભે મહા સુખદેણની. ૨૯
નેણુંમાં શુભ રેખું રાતિ, કીકી કામણગારીયું;
જોતાં જન પરમાનંદ પામે, વિષય સુખ વિસારીયું. ૩૦
ભ્રકુટિ કુટિલ જાણિયે, કરડી કમાન કામની;
અતિ સ્નેહે ચોટે તેહમાં, વૃત્તિ પુરુષ ને વામની. ૩૧
હાસ્ય કટાક્ષ નલવટ રેખા, અર્ધચંદ્ર સમ થાય છે;
સુંદર ભાલ વિશાળ જોતાં, કોટિ કામ લજાય છે. ૩૨
છબી અનુપમ શ્રવણ કેરી, જોતાં જગ રીત વીસણુ રે;
મહાસુખ પામી જનનું મન, તેમાંથી નવ નીસરે. ૩૩
શ્યામ બિંદુ વામ કરણમાં, જન હેતુ હરણ ભવફંદનું;
કેશને પાસે ભાલ જમણે, ચિહ્ન છે એક આનંદનું. ૩૪
ચોટી સુંદર રૂડી રસીલી, શીશ છે શોભા કેશની;


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

વર્ણવતાં નવ પોં'ચે મતિ, શારદ શેષ ગણેશની. ૩૫
ઝીણા ઝીણા તિલ જેવાં, ચિહ્ન અંગો અંગ છે ઘણા;
રૂડાં રૂપાળાં જોયા જેવાં, સદન સુખ શોભા તણા. ૩૬
સામુદ્રિકમાં જે ચિહ્ન કહ્યાં, સર્વે એ છે અંગે ઘનશ્યામને;
એકએક અંગ ઉપરે વારું, કોટિ કોટિક કામને. ૩૭
કહ્યાં અંગ ચિહ્ન બુદ્ધિ પ્રમાણે, જોયેલ મારા નેણનાં;
હવે કહું છું જેમ છે તેમ, ચરિત્ર મહાસુખ દેણનાં. ૩૮
રાત પાછલી મૂરત હોય, ત્યારે તે ઊઠે શ્રીહરિ;
દાતણ કોમળ આપે જન, લોટો સુંદર જળે ભરી. ૩૯
દાતણ ઉપર આંગળી બે, આંગળી અંગૂઠો ધરે;
ચતુરાઈએ દાતણ ચાવી, પછી મુખ મંજન કરે. ૪૦
દાતણ કરીને પાઘ બાંધે, છોગાં મેલી શિર પરે;
આંટો અનુપમ પેચ આણી, જન મન ચિત્તને હરે. ૪૧
ડાબે ખંભે આડસોડે નાખી, ઓઢે શ્વેત દુશાલને;
પધારે બહાર મહાપ્રભુ લઈ, જમણે હાથ રૂમાલને. ૪૨
ડાબે હાથ કેડે દઈને, જમણો હાથ હલાવતા;
વ્હાલા લાગે વાલમજી બહુ, સામા ચાલ્યા આવતા. ૪૩
સહજ સ્વભાવે ઉતાવળી છે, ચાલ અતિ હરિવરની;
ઊભા રહેતાં સાથળે મારે, મૂઠી જમણા કરની. ૪૪
ઇચ્છા હોય બેસવાની ત્યાં, સેજ બિછાવે જન લઈ;
જમણો ઢીંચણ પ્રથમ મેલી, બેસે સેજ ઉપર જઈ. ૪૫
જમણી કોણી પડખું જમણું, બેઉ તકિયા પર ધરી;
બેસે અતિ રસ રિત શું, જન સુખકારી શ્રીહરિ. ૪૬
તોરા હાર ગુચ્છ ગજરા બાજુ, ધરાવે જન લાવીને;
ફૂલ સુગંધી તે પર ભમરા, ગુંજારવ કરે આવીને. ૪૭
હરિ બોલે સંત જન સામું, હાથે લટકાં કરતા;
નીસરે શબ્દ વદનમાંથી, રસ અમૃત ઝરતા. ૪૮
સાંખ્ય યોગ અને ભક્તિ ધર્મ, વાતો જ્ઞાન વૈરાગ્યની;
કરે અનંત પ્રકારના વળી, કામ લોભ વિષય ત્યાગની. ૪૯
તાળી પાડી કાં ચપટી વગાડી, સંત ભેળા કીર્તને;
ગાય અતિ રસ રીત શું, હરતા હરિજન મનને. ૫૦
ક્યારેક માળા ફૂલ ફળ લઈ, રમાડે વળી ફેરવે;
આંગળીઓનાં આંક ગણે, વળી અંગૂઠાના ટેરવે. ૫૧
શીતળ જાણી આંખે દાબે, લીંબુ પુષ્પ સુગંધ લીએ;
ક્યારેક છેડે રૂમાલને વળ, ચપટીએ કરીને દીએ. ૫૨
ઓચિંતાના ઝબકી જાગે, કરતા ધ્યાન વિચારને;
વળી દાંતે જીભ દબાવે, ટેવ એ ધર્મકુમારને. ૫૩
હરે હરે કહે બગાસું ખાતાં, મુખ આડી મૂઠી દીએ;
છીંકે તો મુખ આડો દેવા, રૂમાલને ખોળી લીએ. ૫૪
ક્યારેક પગ બે હેઠા મેલી, ઢીંચણે બે કોણી ધરી;

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

હાથ બે કપોળે દઈને, બેસે જન સામા હરિ. ૫૫
ક્યારેક બે હાથના જે અગર, આંગળીઓ તણા;
સામ સામા અડાડે હરિ, ક્યારેક મર્મ કરે ઘણા. ૫૬
મર્મ કરે કાંઈ મોજ હોય તો, બહુ વદન વિકાસીને;
હસે અતિ ઉધરસ સોતા, અધર સુધા પ્રકાશીને. ૫૭
લોટી જાય વળી સેજમાં, ઉધરસ સહિત હસતા;
હાથે કરી પેટ ઝાલી રાખે, રાજીપે રસબસતા. ૫૮
ક્યારેક દબાવે શરીર પોતાનું, જાણવા જન જોરને;
ક્યારેક સર્વે શરીરે લઈને, કરાવે ચંદન ખોરને. ૫૯
દાઢીએ હાથ દઈ ડોક મરોડે, કડાકા વાગે છે માંહીએ;
વળી કડાકા વગાડે હરિ, આંગળીઓની આંટીએ. ૬૦
કામ હોય કોઈ જનનું ત્યારે, અંગૂઠા પાસે જે આંગળી;
તે હલાવી લીએ બોલાવી, કરી નેણ સાને વળી. ૬૧
ક્યારેક શેલડી કેરી જમે, ભાવ જનનો જાણીને;
કયારેક ફળ કંદ ઓળા દાણા, જમે જીવન વખાણીને. ૬૨
પ્રસાદી હાર દેવા વળી, સંત જન સામા ઘા કરે;
કોઈને હાથો હાથ આપે, કોઈના કંઠમાં ધરે. ૬૩
એવાં ચરિત્ર અનંત ભાંતિ, કરે જનને ગમવા;
થાય પછી જમવાનું ટાણું, પધારે હરિ જમવા. ૬૪
ચાલે આડી મીટે જોતા, મો'તા તે જનનાં મનને;
નાવા બેસે મહાપ્રભુજી, બાજોઠે ચંદનને. ૬૫
પ્રથમ અત્તર ચોળીને જન, નવરાવે ઊને જળે;
જળ લોટા ભરી હાથ પોતાને, શિર ઢોળે હરિ તે પળે. ૬૬
નાહીને ઊભા થઈ નીચોવે, સાથળ ઉપર પોતિયું;
અંગ લૂછી અલૌકિક રીતે, પેરે શ્વેત શુભ ધોતિયું. ૬૭
શ્વેત ચાદર ઓઢે માથે, રાખી ઊઘાડા કાનને;
બેસે મખમલ ગાદીએ જઈ, હરતા મદન માનને. ૬૮
ડાબા પગની પલાંઠી વાળી, તે પર ડાબો કર ધરી;
જમણી કોણી ઢીંચણે મેલી, જમે રસ રીતે કરી. ૬૯
વારે વારે વળી રસિયો, જમતાં જમતાં જળ પીએ;
પાક શાક બહુ સ્વાદુ હોય તો, મન માન્યા જનને દીએ. ૭૦
જમી ચળુ કરી ફેરવે પછી, હાથ પેટે ઓડકારતા;
રૂપા સળીએ દાંત ખોતરે, એલચી દાણા મુખ ધરતા. ૭૧
પૂજા કરે જે જન તેને, ચરણ છાતી મુખ માથે દઈ;
જાય જમાડવા સંત જનને, હરિ અતિ પ્રસન્ન થઈ. ૭૨
ડાબા ખંભાને ઉપર નાખી, બાંધી કેડે લઈ ખેસને;
સંત જન મહાસુખ પામે, નીરખી હરિવર વેશને. ૭૩
પીરસવા સંત પંગતી માંહી, વાલમ વારંવાર ફરે;
લીયો મહારાજો લાડુ એમ, ઘેરે સાદે ઊચરે. ૭૪
લાડુ જલેબી આદિ ભોજન, સંત જનને જમાડતા;


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

મહાપ્રસાદ કહી મુખમાં આપે, આનંદ અતિ પમાડતા. ૭૫
'માથે મેલું હાથ લાડુ લીયોતો', એમ કહે પ્રસન્ન થઈ;
દૂધ દહીં ફેરવતા વળી, ઢોળે કોઈ સંત શિર લઈ. ૭૬
હસતા હસતા હાથ ધૂએ, રસિયો રાજી થઈ અતિ;
પછી જાય પોઢવા સારુ, સુખસજ્યા પર શ્રીપતિ. ૭૭
પોઢીને જાગે ત્યારે વળી, બહાર શ્રીહરિ આવીને;
મગાવે ઘોડી માણકી, સંત જનને બોલાવીને. ૭૮
હરે નારાયણ એમ કહીને, બેસે ઘોડીએ શ્રીહરિ;
નાવા જાય જન મન મો'તા, છોગલાં સુંદર શિર ધરી. ૭૯
ઘેલા માંહે ખળખળીએ જઈને, ઘોડી ઉપરથી ઊતરે;
હાથ ગ્રહી નિજ સખા કેરો, જળ મધ્યે પ્રવેશ કરે. ૮૦
બળવંત જળ બહુ ઘેરા કેરું, ચડે માથે જેમ શેષફણી;
બેઉ ખભા પર છોળ્યું ચાલે, શોભા ન કહી જાય તેહ તણી.
૮૧
જળ બિંદુ પડે મુખ ઉપર, તેની સુંદરતા અતિ;
છાતી મુખ છબી જોતાં પામે, મોહ કોટિ રતિપતિ. ૮૨
કીર્તન ગાય જન સંગે વળી, હાથે ઉછાળે તોયને;
કંઈક જળમાં તણાય સંતજન, હસે વળી તે જોઈને. ૮૩
બહુ રીતે એમ ક્રીડા કરીને, જળથી બહાર નીસરે;
કોરાં વસ્ત્ર પહેરીને અંગે, પછી ચડે ઘોડી ઉપરે. ૮૪
લક્ષ્મીવાડીએ જાય વળી, રસિયો રમૂજ કરવા;
ઓટા ઉપર જઈને બેસે, જનનાં મન હરવા. ૮૫
કેરી કેળાં નારંગી આદિ, ફળ તે જન આગે ધરે;
પુષ્પ આભૂષણ પહેરાવીને, પ્રેમે શું પૂજા કરે. ૮૬
કીર્તન હાસ્ય વિલાસ એમ, રમૂજ કરી ઝાઝી ઘડી;
પછી પધારે ગામમાં હરિ, છેલ ચતુર ઘોડીએ ચડી. ૮૭
ખગેશ મદહર માણકી, દોડાવે અતિ વેગે કરી;
પેચ શીથળ થાય પાઘના તે, ઝાલી રાખે હાથે હરિ. ૮૮
ફરફરે તોરા માધ માંહી, લટકે સુંદર છોગલું;
શશી શોભા હરે કાંતિ, રૂડું લાગે તે છેટેથી ભલું. ૮૯
એમ રમૂજ કરતા સજ્યા પર, બેસે હરિવર આવીને;
પ્રશ્ન ઉત્તર કરે પોતે, સંત સભા બોલાવીને. ૯૦
સંત સરોદા સત્તાર દુકડ, વજાડી કરે ગાનને;
તે ભેળા કરે ગાન પોતે, મેળાવી સુંદર તાનને. ૯૧
કથા કીર્તન વાત કરતા, સંત સમીપે આવી ખસી;
મન ગમતી મોજ આપે, સંતને અતિ હૈયે હસી. ૯૨
સાંજે નારાયણ ધૂન કરે, ઘેરે સાદે બોલતા;
તાળી પાડી ઉતાવળી બહુ, રીત અલૌકિક ડોલતા. ૯૩
વળી ઉત્સવ આવે ત્યારે, દેશ દેશના જન મળી;
લાવે અમૂલ્ય વસ્ત્રાભૂષણ, પહેરે પ્રાણજીવન વળી. ૯૪

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

પાઘ બાંધે શિર સોનેરી, બનાવે પંક્તિ પેચની;
મેલે છોગલું તેમાં ઝળકતું, દાબે કાંતિ દિનેશની. ૯૫
જામો જરીનો સુરવાળ સુંદર, નાડી જરીની લટકતી;
કેડે ફેંટો જરકશી વળી, ખંભે શેલું શોભે અતિ. ૯૬
બાંયે બાજુબંધ મણિ જડિત, કલંગી તોરા શિર ધરે;
કાને કુંડળ મણિમય તે, ચંદ્રની કાંતિ હરે. ૯૭
હેમકડાં બે હાથમાં, વેઢ વીંટી મણિમય ઝળહળે;
કોટે સોનેરી સાંકળ વળી, હાર મણિનો હીંડળે. ૯૮
સાવ સોનેરી હીંડોળો તે, માથે શ્રૃંગ મણિતણા;
ચહુ કોરે જરી સમ રૂડા, મોતી પેર શોભે ઘણાં. ૯૯
મણિતણો શિર મુગટ ધારી, ઝુલે હીંડોળે શ્રીહરિ;
કોટિક મદન મોહ પામે, મદ પોતાનો વીસરી. ૧૦૦
હુતાસણી ને વસંત પંચમી, સંત જન સંગે તે સમે;
અતિ રાજી થઈને રસિયો, રંગભીનો રંગે રમે. ૧૦૧
કેશર કેશુ આદિ રંગ બહુ, ઊડે ગુલાલની ડમરી;
હરિ હરિજન છબી શોભે, લાલ પીળા રંગે ભરી. ૧૦૨
પિચકારી કર કંચન કેરી, ભરી રસિયો રસ રંગમાં;
તાકી તાકી મારે જનને, અલબેલો અતિ ઉમંગમાં. ૧૦૩
જન સર્વે ચહુ કોરથી, પિચકારી ચલવે અતિ ઘણી;
રસબસ બહુ રંગે શોભે, મૂર્તિ ધર્મકુંવર તણી. ૧૦૪
ગુલાબ ગોટા સંત જનને, મારે રસિક રાજી થઈ;
સંતને મુખે ગુલાલ ભૂંસે, હરિવર નિજ હાથે લઈ. ૧૦૫
વળી ક્યારેક બાથમાં લઈ, સલૂણો સંતને મળે;
આપે સુખ નિત નવું જનને, પ્રાણજીવન પળે પળે. ૧૦૬
એવા ચરિત્ર બહુ અનંતવિધિ, અપાર પાર કોઈ નવ લીયે;
બુદ્ધિ પ્રમાણે કાંઈ કહ્યું મે, જેમ સિંધુજળ ચકલું પીયે. ૧૦૭
માળા અચળ સુખકરણ આ, રચેલ રસિકદાસની;
ગાય શીખે જે સાંભળે તેને, મટે પીડા ભવ ત્રાસની. ૧૦૮

**દોહરો** :

આ માળા નિત નિયમથી
શીખે સુણે ધરી ચિત્ત;
પ્રિત થશે પરિબ્રહ્મમાં
સ્હેજે થશે જગજીત.


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

# નૂતન વર્ષ

સંદર્ભ: અનાદિ મુક્ત પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા જીવન દર્શન અને પત્રો દ્વારા ઉપદેશ


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## આપણું બેસતું વર્ષ

## તા. ૨૩-૧૦-૫૨ : નવું વર્ષ, સંવત ૨૦૦૯.

આ જ આપણું બેસતું વર્ષ :- ‘મૂર્તિ !’
શ્રીજીમહારાજનું અખંડ દર્શન
ચૈતન્યમાં રહે,
અખંડ અનાદિની સ્થિતિ
અનુભવાય એ જ પ્રાર્થના.

શ્રીજીમહારાજ તથા અનાદિ મહામુક્તોની અનહદ કૃપાથી
ઉપર મુજબનું અનુસંધાન અખંડ રહો.

## તા. ૨૯-૧૦-૫૪ : શુક્રવાર, સંવત ૨૦૧૧

## મંગળ પ્રભાત

મંગળ રૂપ મહારાજનું, મંગળ મુક્ત સદાય;
શ્રીહરિ સહજાનંદ પ્રભુ, મંગળ અમૃત પાય. ૧
મંગળ સંબંધ જેહને, મંગળ નૂતન વર્ષ;
મંગળ એક જ પ્રાપ્તિ, મંગળ એ જ સુહર્ષ. ૨
મંગળ નિશદિન એહને, મંગળ પ્રભાત ઝળહળે;
મંગળ સર્વે શ્રીહરિ જોતાં, અમંગળતા સહુ ટળે. ૩
સ્વામિનારાયણ સર્વોપરી, મંગલમૂર્તિ એક જ છે;
અચળ એનો આશરો, તે એક મંગળ ટેક છે. ૪
ધન્ય ધન્ય મંગળમૂર્તિ, ધન્ય ધન્ય દિવસ આજ;
ધન્ય ધન્ય ધર્મકુંવર પ્રભુ, ધન્ય મંગળ મહારાજ. ૫
: જય શ્રી સ્વામિનારાયણ :

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## તા. ૧૫-૧૧-૧૯૫૫ : સંવત ૨૦૧૨

## મંગળ પ્રભાત

મંગળમય પ્રભુ શ્રીહરિ, દિવ્ય મનોહર રૂપ;
મંગળકારક મુક્તવૃંદ, અક્ષરધામ અનુપ. ૧
મંગળ જ્યોતિ ઝળહળે, તે મધ્યે પ્રભુ સાકાર;
મંગળ નૌતમ મહાપ્રભુ, કિશોર નર આકાર. ૨
મંગળ સત્સંગમાં રહ્યા, મંગળ કરવા કાજ;
મંગળ કારણ મૂર્તિ જે, સહજાનંદ મહારાજ. ૩
મંગળ કરવા કારણે, મંગળ ભૂમિ પર શ્યામ;
મંગળ યશ વિસ્તારિયા, નામ ધરી ઘનશ્યામ. ૪
મંગળ અનુપમ મૂર્તિનું, રૂપ હૃદયમાં ધારવું;
મંગળ કરણ મનહરણ, રૂપ સદા સંભારવું. ૫

મંગળ પ્રભાતે શ્રીહરિ આપ સર્વેનું દિવ્ય મંગળ કરો એ પ્રાર્થના.

## તા. ૨-૧૧-૧૯૫૬ : સંવત ૨૦૧૩

## નૂતન વર્ષની મંગળ પ્રભાતે

## શ્રીહરિ પ્રાર્થના

તેજ તેજ અંબારમાં, તેજોમય મહારાજ,
આવ્યા અવની ઉપરે, કરવા જનના કાજ. ૧
જયકારી જય જય પ્રભુ, નામ ધર્યું ઘનશ્યામ,
પ્રગટ પ્રતાપ જણાવિયો, પોતે પૂરણ કામ. ૨
અવતારી અવતારના, સ્વામી સહજાનંદ,
નામ અનંત બહુનામીના, લેતાં થાય આનંદ. ૩
દિવ્ય અલૌકિક મૂરતિ, મહિમા અપરંપાર,
મુક્તવૃંદ સાથે ઘણાં, દિવ્ય સદા સાકાર. ૪
મંગળ એવા મહાપ્રભુ, મંગળ વર્ષ દિન માસ,
કરો મંગળ સૌ દાસનું, સદાય રહીને પાસ. ૫

આજના મંગળ પ્રભાતે શ્રીહરિનું ધ્યાન કરી આપણે પ્રાર્થના કરીએ કે હે મહાપ્રભુ ! આપના શરણાગત એવા જે અમો તેમને પોતાના બાળ જાણી અમૃત નજરે સેવજો.


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## તા. ૨૦-૧૦-૧૯૫૭ : સંવત ૨૦૧૪, ગુરુવાર
## મંગળ વર્ષ

અક્ષર પર આનંદઘન, અવિનાશી અલબેલ,
ભક્તિધર્મ સુત શ્રીહરિ, સુંદરવર રંગ છેલ;
સહજાનંદ આનંદ કંદ, હરિકૃષ્ણ ઘનશ્યામ,
દિવ્ય મનોહર મૂર્તિ, સર્વોપરી સુખધામ

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન પોતાના દિવ્યધામને વિષે અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા બિરાજમાન છે, એવા શ્રીહરિની નૂતન વર્ષે આપ સર્વે પર અમૃત નજર રહો, અને નવા વર્ષના મંગળ પ્રભાતે આપ સર્વેનું હરેક પ્રકારે મંગળ થાઓ, એ જ અભ્યર્થના.

## તા. ૧૨-૧૧-૧૯૫૮ : સંવત ૨૦૧૫, કારતક શુદ ૧
## મંગળ પ્રભાત

મંગલમય ઘનશ્યામ શ્યામ સૌના દિવ્યાકૃતિ છે સદા,
મુક્ત અનાદિ દિવ્ય નાથ સાથે મૂર્તિરૂપે સર્વદા;
તદરૂપ રસબસભાવ તલ્લીન રહે સાકાર જેમ શ્રીહરિ,
અવતારી અવતાર રીત ન્યારી મૂર્તિ રહ્યા છે ધરી. ૧
અક્ષરધામ અખંડ તેજ જ્યોતિ અંબાર છે તેજનું,
મધ્યે મનોહર મોક્ષરૂપ મૂર્તિ નરરૂપ દિવ્યતનું;
સહજાનંદ આનંદ કંદ સહુનાં સર્વોપરી રાજતા,
સુખના સાગર પ્રાણરૂપપ્રભુ ત્યાં અખંડ બિરાજતા. ૨
શોભેમુક્ત સદાય શ્યામ સન્મુખ અગણિત તેજેભર્યા,
પરમ એકાંતિક નામ ધામમાંહી સુખસુખમાં જે ઠર્યા;
એવા દાસ અખંડ દિવ્યરૂપે ધામે સભા એહની,
સર્વાંગે જ્યાં તેજ તેજ ઝળકે અદભુત શોભા બની. ૩
એકાંતિક પણ ધામરૂપ થઈને સત્સંગમાં સૌ રહ્યા,
ભક્તિ ધર્મ ને જ્ઞાન સિદ્ધ કરતાં વૈરાગ્યવંત જે થયા;
આવો દિવ્ય સમૂહ ધામ કેરો સત્સંગમાં જાણવો,
અંતર આનંદકંદરૂપ રાખી, આનંદ પરમાણવો. ૪
આજે મંગળવર્ષ માસમંગળ, મંગળ દિવસ આવિયો;

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

મંગળમય મહારાજ રાજ રાજે, ઉમંગ ઉલટાવિયો;
મંગળ કરવા કાજ આજ આવ્યા હરિકૃષ્ણ કરુણાનિધિ,
દિવ્યરૂપ ઘનશ્યામ પોતે સંભાળ સૌની લીધી. ૫

આજના મંગળ પ્રભાતથી શ્રીજીમહારાજની તમો સહકુટુંબ પર અમૃત નજર રહો.

**તા. ૧૧-૧૧-૧૯૫૯ : સંવત ૨૦૧૬ના, કારતક શુદ ૧૧, બુધવાર**

**દેવદિવાળીના સમૈયાની મંગળ પ્રભાતે**

શ્રી ઘનશ્યામ પૂરણ કામ, અક્ષરધામ જે હરિ રાજતા;
નરદેહરૂપ નવીનધારી, પુર છપૈયે બિરાજતા.
પિતા ધર્મ ને માત ભક્તિ, ભ્રાત રામપ્રતાપ છે;
ભાઈ નાના શ્યામ હરિના, નામ ઇચ્છારામ છે.
એ ધર્મકુળ પરિવારમાં, ભૂતળ ધર્મને સ્થાપવા;
પ્રગટ્યા પ્રભુ સર્વોપરી, સુખ દિવ્ય અલૌકિક આપવા.
ભુવન વર્ષ અગિયાર રહીને, બાળ લીલા બહુ કરી;
વન વિકટ સાત વર્ષ ફર્યા, નીલકંઠ મૂર્તિ માધુરી.
જીવ અનંતને ઉદ્ધારવા, હરિ મોક્ષ કરવા કારણે;
ધર્યું નામ સહજાનંદ સ્વામી, પામર પતિત જન તારણે.
શ્રી સ્વામિનારાયણ સ્વયં, પ્રભુ સર્વ કારણ શ્રીહરિ;
એ જ્ઞાન સૌને આપવા, રીત નવીન અદભુત આદરી.
સંપ્રદાય ઉજ્જવળ સ્થાપિયો, સંત અનંત સંગે બતાવિયા;
પ્રથમ વ્રત કરડાં ચલાવી, એ મુક્તને પણ તાવિયા.
દિવ્ય સુખ અલૌકિક આપવા, પછી સર્વ પર કરુણા કરી;
દેશવિદેશમાં વિચરણ કર્યું, ન્યાલકરણ પ્રભુ એ શ્રીહરિ.


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

એ મૂર્તિ આનંદ કંદની, અખંડ દિવ્ય ધામે રહે;
પુર છપૈયે પ્રગટ થયા તે, મૂર્તિ રૂપે સૌ કહે.
એ સ્વરૂપ ત્રણે એક છે, ફેર રોમનો જેમાં નહિ;
શ્રીમુખ વચનામૃત વિષે, એ વાત સૌ જનને કહી.
: જય શ્રી સ્વામિનારાયણ :

તા. ૨૦-૧૦-૧૯૬૦ : સંવત ૨૦૧૭, કારતક શુદ ૧, શુક્રવાર

મંગળ પ્રભાત

અક્ષરધામ સમાન આ ભૂમિ વિષે, રાજે સ્વયં શ્રી હરિ;
જેણે રૂપ અનુપ દિવ્ય ધરીયું, કરુણા અતિશય કરી.
છપૈયાપુર સર્વ શ્રેષ્ઠ જાણો, જ્યાં દૃષ્ટિ સૌની ઠરે;
પિતા ધર્મ ભક્તિ માત ભુવને, પ્રભુ બાળલીલા કરે.
કરતા નૌતમ ખેલ છેલ રસિયો, ઘનશ્યામ નામે હરિ;
જેણે રૂપ અનુપ એહ જોયું, મૂર્તિ નવીન માધુરી,
અમૃત ઘન નવનીત રંગ રસના, સર્વત્ર વરસાવિયા;
આજે મંગળ વર્ષ માસ દિન મંગળ, મંગળ પ્રભુ આવિયા.
નિરખી નૌતમ નાથ મુક્ત સાથે, ઉમંગ અંતર ભર્યો;
સુખના સાગર દિવ્ય મોજ દેતા, ધન્ય ન્યાલ મુજને કર્યો.

*

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.

- શ્રીજીમહારાજ

આવા અક્ષરાતીત અવિનાશી શ્રી સહજાનંદ સ્વામી ભગવાનની આજે બેસતા વર્ષના મંગળ પ્રભાતથી આપ સહકુ ુટુંબ પર અમૃત નજર રહો.

અભયવરદાતા અવિનાશી મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્મૃતિએ સહિત...

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

### તા. ૬-૧૧-૧૯૬૧ : સંવત ૨૦૧૮ના, કારતક શુદ ૧, ગુરુવાર

### નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષે નવનિધિ, દિવ્ય ચિંતામણિ જેહ;
અક્ષરધામના અધિપતિ, પુરુષોત્તમ પ્રભુ તેહ.
સ્વામિનારાયણ નામ જે, સ્વામી સહજાનંદ;
મનોહર સુંદર મૂરતિ, સદાય આનંદકંદ.
અવતારી સર્વોપરી, સર્વ નિયંતા રાજ;
મંગળ દિન પ્રભુ આજનો, મહેર કરો મહારાજ.
વંદન કરી સ્તવન કરું, ધરું અંતરમાં ધ્યાન;
દર્શન દેજો દાસને, ભક્તવત્સલ ભગવાન.
જન્મ ધરે કરોડો કદિ, તપ કરે યુગ અપાર;
અવિનાશી પ્રભુ ન મળે, એવા ધર્મકુમાર.
ભક્તિધર્મના ભુવનમાં, ખેલ કરે ઘનશ્યામ;
અખંડ તેજોમય શ્રીહરિ, સુંદર સુખનાં ધામ.
ઉત્તમ દિન પ્રભુ જાણીને, આવો શ્રી પરમેશ;
અનંત મુક્તના મધ્યમાં, શોભો નટવર વેશ.
કૃપા કરો કરુણાનિધિ, મહેર કરો મુનિભૂપ;
પ્રૌઢ પ્રતાપ જણાવતાં, સુંદર વર સુખરૂપ.
: જય શ્રી સ્વામિનારાયણ :

### તા. ૨૯-૧૦-૧૯૬૨ : સંવત ૨૦૧૯ના, કારતક શુદ ૧, સોમવાર

### નૂતન વર્ષાભિનંદન

દિવ્ય સિંહાસને રાજતા, દિવ્ય તેજોમય અંગ;
વસ્ત્ર આભૂષણ દિવ્ય જે, દિવ્ય મુક્તવૃંદ સંગ.
અક્ષરધામ સ્વતેજમાં, દિવ્ય રૂપ સાકાર;
પુરુષોત્તમ પ્રગટ પ્રભુ, શ્રીહરિ સર્વાધાર.
અનંત ધામના અધિપતિ, નિર્ગુણ રૂપ સદાય;
દિવ્ય મનોહર મૂરતિ, નિગમ નેતી કહી ગાય.
કર્તા નિયંતા મહાપ્રભુ, સૌના કારણ શ્યામ;
અક્ષરાતીત અગમ અતિ, સ્વામિનારાયણ નામ.
અનાદિમુક્ત અદૃશ્ય રહે, પરમ એકાંતિક પાસ;
સૌના કારણ શ્રીહરિ, મુક્તવૃંદ સહુ દાસ.

આજના મંગળ પ્રભાતથી આપ સહકુટુંબ તથા સ્નેહીવર્ગને શ્રીજીમહારાજ સદાય સુખી રાખે એ જ પ્રાર્થના.

"અવતારી સર્વોપરી, સર્વ નિયંતા રાજ;
મંગળદિન પ્રભુ આજનો, મહેર કરો મહારાજ."


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

## તા. ૧૫-૧૦-૧૯૬૩ : સંવત ૨૦૨૦

## મંગળ પ્રભાત

નવીન વર્ષ દિન આજનો, ઉત્તમ પર્વ ગણાય;
અવસર ઉત્તમ જાણીને, સૌ જન આવે જાય. ૧
ચંદન છાંટ્યા ચોકમાં ભભકે ઘર ને દ્વાર;
ધજા પતાકા તોરણે, શોભે ભુવન અપાર. ૨
અવિનાશી આવ્યા આંગણે, ધર્મકુંવર હરિરાય;
હર્ષભર્યા હરિજન જુવે, જય જય મુખથી ગાય. ૩
પાઘ સોનેરી શિર પરે, છોગું મુગટ અનુસાર;
ચંદન ચર્ચ્યા ભાલમાં, કુમકુમ ચંદ્ર ઉદાર. ૪
તોરા બાજુ કપૂરના, અર્પ્યા હેત સહિત;
મૂર્તિ ઉતારે મીટથી, નિરખે થઈ પુલકિત. ૫
જોતા સૌ નયણા ભરી, કોટિ ભુવન શિરતાજ;
દિવ્યરૂપ મૂર્તિ સદા, તેજોમય મહારાજ. ૬
વિધ વિધ વાજાં વાગતાં, ઢોલ ત્રાંસા શરણાઈ;
મૂર્તિ મનોહર જોઈને, સૌ બોલે હર્ષ વધાઈ. ૭
પ્રીતમ પધાર્યા આંગણે, મંગળ વર્ષ શુભ દિન;
મંગળકારી મહાપ્રભુ, ધન્ય ધન્ય વર્ષ નવીન. ૮

મંગળ વર્ષના ઉત્તમ દિવસે શ્રીહરિની સ્મૃતિએ સહિત આપ મુક્તમંડળ સહકુટુંબ સર્વેને સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

# કીર્તનો


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

એવું કવાલીના ઢાળનું સોમચંદભાઈનું કરેલું એક કીર્તનઃ

**શ્રી સહજાનંદ સ્વામી**

સૂર્ય સહજાનંદ પ્રગટ્યા અવની ઉપર જ્યારથી,
અભય વરદાને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧
બાળરૂપ સૌને બતાવ્યું છપૈયાપુરની માંહી,
દિવ્યચરિત્રોથી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨
નવયુગમાં યોગી બન્યા જોડી જડે નહિ જગતમાં,
તજી ભુવ જઈ વનમાં કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૩
વનવિકટ ફરતા મહાપ્રભુ નવલખા પર્વતમાં ગયા,
નવલક્ષ યોગીમાં કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૪
પછી શ્યામ સોરઠમાં પધારી લોજની વાવે ગયા,
મુક્તાનંદ પાસે કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૫
ગુરુશ્રી રામાનંદ સ્વામી હતા ભુજંગપુરે તે સમે,
પત્ર લખાવીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૬
આવ્યા ગુરુ અવતારી પાસે જોઈ વર્ણી વેશને,
બહુ હેતથી મળીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૭
મહાદીક્ષા પીપલાણે લઈ રાજી કર્યા ગુરુને હરિ,
કલ્યાણધ્વજ રોપી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૮
જેતપુરે ઉન્નડ ભૂપતિ ઘેર ધર્મધુરંધર પ્રભુ,
ગુરુવચન શિર ધારી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૯
ધામે સિધાવ્યા ગુરુ પછી અગણિત જીવો તારવા,
દેશવિદેશે ફરી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૦
દર્શન સમાધિ અગમ સુગમ કરી વાતની વાતમાં,
બ્રહ્મમહોલ દેખાડી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૧
ફરી શહેર પુર બજાર શેરી પતિતને પાવન કર્યા,
કરી મુક્ત મુમુક્ષુ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૨
શ્રીપુર ઉત્તમ ધામ જે ત્યાં સ્થાપી ધર્મધુરને,
નરનારાયણ નામે કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૩
વડતાલમાં પણ એ રીતે ગાદી કરી શ્રીપતિતણી,
સમૈયા કરીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૪
થયાં ગામેગામ મંદિરો શ્રીહરિ બિરાજીને તહાં,
દૃષ્ટિમાં જીવો લઈ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૫
આજ્ઞા પળાવી આકરી પરમહંસ મોટા સંતને,
હરિભક્તો સાથે લઈ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૬
અદભુત પ્રતાપી એ પ્રભુ અદભુત કરતા કામને,
અસંખ્ય જીવોમાં કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૭
અવતારી જે અવતારના અક્ષરપતિ સર્વોપરી,
સકળ સ્વરૂપે કરી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૮
ધન્ય ધન્ય ધર્મકુંવર પ્રભુ ધન્ય ભાગ્ય જે શરણ થયા,

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

અખંડ સુખ અર્પી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૯
નોબત બજાવી મોક્ષની કલ્યાણ કરવા કારણે,
વર્તમાન પળાવીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૦
દિવ્યરૂપે સત્સંગમાં આચાર્ય સંત ને શાસ્ત્રમાં,
પ્રત્યક્ષ પ્રતિમારૂપે કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૧
મનુષ્યરૂપ અદૃશ્ય કરી અખંડ આ સત્સંગમાં,
મુક્તો ભેળા રહી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૨
શરદ્ઋતુ સ્થાપન કરીને શ્વાંત વરસાવ્યા હરિ,
કરી જીવમાંથી શિવ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૩
સત્સંગરૂપી ક્ષેત્રમાં કલ્પતરુ સમ સંત થકી,
મૂર્તિરૂપ ફળ દઈ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૪
દિવ્ય અમૃત રસ મહીં બસ કર્યા અગણિત દાસને,
અનાદિ પદ આપી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૫

<u>સંદર્ભ:</u> અનાદિ મુક્ત પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા જીવન દર્શન અને પત્રો દ્વારા ઉપદેશ

## <u>ઘનશ્યામના સ્વરૂપમાં</u>

ઘનશ્યામના સ્વરૂપમાં સુખ-સુખની સરિતા વહે છે રે, ભક્તિરસના ભાવિક ભક્તો અનુભવથી સુખ લે છે રે (૧)

અનેક રૂપે સકળ સૃષ્ટિમાં સાક્ષી સ્વરૂપે ભાસે, સાકારરૂપે અક્ષરધામે પુરુષોત્તમ પ્રકાશે રે (૨)

શિરપર પાઘ સુશોભિત શોભે કુંડળ લળકે કાને, ભ્રુકુટી વિશાલ નયન અતિ સુંદર, કુમકુમ તિલક ભલે રે (૩)


કિશોરવયની સુંદર મૂર્તિ બ્રહ્માનંદ વરસાવે, મંદ-મંદ મુખહાસ કરીને મુક્તોને મૂર્તિમાં રાખે રે (૪)

અજાનબાહુ વિશાળ છાતી મોતીની માલા લળકે, અંગો-અંગમાં તેજ-તેજ અંબાર અતિશે ઝળકે રે (૫)

સોળે ચિન્હ શ્રીહરિને ચરણે નીરખી નેણા ઠારે, એવા પુરુષોત્તમ પર મંગળ, તન-મન-ધન જાય વારે રે (૬)


Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.

Copyright © NarayanLeela.org 2023-present. All Rights Reserved.



જે હરિ અક્ષરધામમાંહી રાજે, સર્વોપરી છે સદા;
તે નર વિગ્રહધારી નાથ થઈને, સુખિયા કરે સર્વદા. (૧)
એવી સુખમય મૂર્તિમાં જ રહે છે, મુકતો અનાદિ ઘણા;
પય  મિસરીવત પ્રેમપૂર્ણ રાચે, એ સુખ મહીં ના મણા. (૨)
એવા મુક્ત સદાય નાથ સંગે, એ નાથ સાથે મળ્યા;
તેણે રૂપ અનુપ આજ ધરિયું, સહેજે ના જાયે કળ્યા. (૩)
એવા સિદ્ધ સ્વતંત્ર મુક્ત કહીએ, સંકલ્પ સુખકંદના;
જેને જીવ અનેક આજ તાર્યા, તેને કરું વંદના (૪)